સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વિવેકાનંદ જયંતિ નિમિત્તે પ્રવચન યોજાયું



ગાંધીનગર, તા. ૧૨

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર દ્વારા ૧૨મી જાન્યુઆરીએ ૧૫૮ મી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીના પરિપેક્ષમાં યુવાદિન નિમિત્તે "સાંપ્રત સમયમાં યુવાનોના ઘડતરમાં નૈતિક મૂલ્યોનું મહત્વ" વિષય પર SGVP ગુરુકુળના સંચાલક સદગુરુ સ્વામી માધવપ્રિયદાસજીનું પ્રવચન યોજાયું હતું. જેમાં પ્રથમ કોલેજના આચાર્યશ્રી ડો. એમ. જી. ભટ્ટ સાહેબ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું.

ભૌતિક શાસ્ત્ર વિભાગના અધ્યાપક ડો. ચેતન ચૌહાણ દ્વારા સ્વામીનો પરિચય આપવામાં આવ્યો હતો. સ્વામીશ્રી એ તેમના પ્રવચનમાં આધ્યાત્મ, વિજ્ઞાન, નીતી અને શાસ્ત્રનું સપ્રમાણ સંયોજન કરી વિદ્યાર્થીઓને જીવનમાં નૈતિક મૂલ્યો વિષે રસપ્રદ રીતે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવચનનો લાભ સમગ્ર ગુજરાતના વિવિધ કોલેજોના વિધ્યાર્થીઓએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગણિતશાસ્ત્ર વિભાગના આધ્યાપક ડો. બી. એમ પટેલ તથા ગણિતશાસ્ત્ર વિભાગના અન્ય અધ્યાપકો દ્વારા આચાર્યના માર્ગદર્શન હેઠળ થયું હતું. પ્રવચનને અંતે ડો ચેતન ચૌહાણ સાહેબે આભારવિધી કરીને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની મિલિટરી સ્કૂલે આર્મીની ઈએમઈ સ્કૂલ, વડોદરા સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

ગાંધીનગર, તા. ૧૨

ગૃહ મંત્રાલય (એમએચએ) હેઠળની રાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ સંસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ ક્ષેત્રે ભારતની અગ્રણી જાહેર યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ)ની સ્કૂલ ઓફ મિલિટરી અફેર્સ, સ્ટ્રેટેજી એન્ડ લોજિસ્ટિકસ (એસએમએ એસએલ) દ્વારા આજે વડોદરા સ્થિત ભારતીય આર્મીની મિકેનિકલ એન્જિનિયરિંગ સ્કૂલ (ઈસ્ઈ) સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા.

આ સમજૂતી કરાર સશસ્ત્ર દળો વ્યાવસાયિક લશ્કરી શિક્ષણ અને તાલીમ અભ્યાસક્રમને યોગ્ય શૈક્ષણિક માન્યતા પ્રદાન કરવા માટે રચાયેલ છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા પ્રશિક્ષિત અભ્યાસક્રમો માટે સશસ્ત્ર દળના જવાનોને તેમના શૈક્ષણિક વિકાસ માટે તક પૂરી પાડી શકે છે. આ પ્રસંગે, મુખ્ય મહેમાન તરીકે કમાન્ડિંગ-ઈન-ચીફ આર્મી ટ્રેનિંગ કમાન્ડને આમંત્રિત કર્યા હતા.એમઓયુ હસ્તાક્ષર સમારોહ દરમિયાન મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમ કે –

● મેજર જનરલ બિક્રમદીપસિંઘ, (કમાન્ડન્ટ, ઈએમઈ સ્કૂલ, વડોદરા),

● કર્નલ વૈભવ ત્રિવેદી (કર્નલ જી.એસ., ઈ.એમ.ઈ. સ્કૂલ),

● પ્રોફેસર (Dr.) બિમલ એન. પટેલ, કુલપતિ, આરઆરયુ અને બહારત કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર કે મેમ્બર,

● લેફ્ટનન્ટ જનરલ (ડ) સુબ્રત સહા, નિદેશક-સ્કૂલ ઑફ મિલિટ્રી અફેર્સ , સ્ટ્રેટેજી એન્ડ લોજિસ્ટિક (સ મ આ સ લ), રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ઓર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ કે મેમ્બર

● સુશીલ ગોસ્વામી, અસ્સીતાન્ત પ્રોફેસર ઓફ લૉ, સ્કૂલ ઓફ કોઅષ્ટલ, મારિટીમે , એર એન્ડ સ્પાસ સેક્યુરીટી (સસીમઆસસ)નો સમાવેશ થાય છે.

૨૫૦ એકરમાં ફેલાયેલો, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી કેમ્પસ શિક્ષણવિદો, સંશોધન અને નવીનતા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. કેમ્પસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહભાગીઓ, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને વિકાસ અને પ્રગતિ માટે ઉત્તમ તકો પ્રદાન કરે છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સારી રીતે તૈયાર વ્યક્તિ બનવામાં મદદ કરવાનો છે જે સંરક્ષણ અને જાહેર સેવા દ્વારા રાષ્ટ્રિય સંરક્ષણ દ્વારા ઘણા દ્રષ્ટિકોણથી વિવેચનીય રીતે વિચારી શકે, અસરકારક રીતે વાતચીત કરી શકે અને રાષ્ટ્રીય સંરક્ષણ આપી શકે. પ્રતિબદ્ધતા સાથે દેશનું નેતૃત્વ કરી શકે છે.

રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે આજના યુવાધનમાં રાષ્ટ્રના સંરક્ષણ ક્ષેત્રની માહિતીના બીજ રોપાયા

ગાંધીનગર, તા. ૧૨

૧૨ જાન્યુઆરી ૨૦૨૧, સ્વામી વિવેકાનંદ જયંતિ તથા રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્ન અને ગવરમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, પાલનપુર દ્વારા એક



માહિતીસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ ઓનલાઈન એટલે કે વેબીનાર દ્વારા વિવિધ કોલેજના વિદ્યાર્થીઓને જે તે પ્લેટફોર્મ થકી સંબોધવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી તથા સંરક્ષણની વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડિફેન્સ યુનિકોર્ન દ્વારા મુખ્ય વક્તા તરીકે જાણીતા કરિયર એક્સપર્ટ હાર્દિક પરિખ તથા કર્નલ આર. રંજન સરને નિમંત્રિત કરવામાં આવેલ હતા. તેઓ એ દરેક વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્ર તથા તેના વિવધ આયામો વિષે વિગતવાર માહિતી આપી હતી.

ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્નના વડા હિતેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ યોજવા પાછળના હેતુ આજના વિદ્યાર્થીઓના મસ્તિષ્કમાં આપણા દેશ વિશેની સમજ અને દેશભક્તિ વધુ સુદેઢ બને એ તો હતો જ પણ એક બીજો વિચાર એ પણ હતો કે આ કાર્યક્રમ થકી અમે વધુ માં વધુ વિધાર્થીઓને ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિવિધ આયામો વિશે માહિતગાર કરીએ પણ એમને આ ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો ઉચિત રસ્તો બતાવીએ.હાર્દિક પરિખના જણાવ્યા અનુસાર "વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદને ના ફક્ત ઓળખે પણ એમની રાષ્ટ્ર પ્રત્યેની વિચારધારાને પણ પોતાના જીવનમાં અમલમાં મૂકે તથા જે વિદ્યાર્થીઓ રાષ્ટ્ર પ્રત્યે પોતાની નિષ્ઠા બતાવવા માંગે છે એમના માટે સંરક્ષણ ક્ષેત્ર સમાન બીજો કયો વિકલ્પ હોય શકે. આજનો યુવાન સંરક્ષણ ક્ષેત્રને એક કારકિર્દી રૂપે વિચારી આગળ વધી ગુજરાત તથા પુરા ભારતનું નામ રોશન કરી શકે છે.

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં 'Happy Youth Day-2021'ની વર્ચ્યુઅલ ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

શિકાગોની ધર્મ પરિષદમાં મા ભારતીનું શિષ ગર્વથી ઊંચું કરનાર ભારતમાતાનું વિરલ રત્ન એટલે માનવતા સિદ્ધાંતને સર્વ શિખરે ઉચ્ચ સ્થાન આપનાર સ્વામી વિવેકાનંદ. સ્વામી વિવેકાનંદ પોતાના જીવનપર્યંત યુવાનોના પ્રેરણાનો અખૂટ અને અમૂલ્ય સ્રોત રહ્યા છે. આથી જ ૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદ ના જન્મ-દિવસે ભારતીય યુવા દિન તરીકે ઉજવાય છે પણ આજનો યુવાન આ કોરોના મહામારીમાં ઘરમાં જ દબાઈ ગયો છે અને આવા સમયે ડિજિટલ ટેકનોલોજી એકમાત્ર વિકાસનો માર્ગ છે.

આથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે તેમજ ભારતીય યુવા દિનની ઉજવણી કરવાના હેતુથી શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા પૂજ્ય સંતો ના આશીર્વાદ અને સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર ધર્મેશ વંડરા અને એકેડમિક ડાયરેક્ટર પ્રોફેસર ભાવિક શાહના માર્ગદર્શનથી "યૂથ ફોર ડિજિટલ ઈન્ડિયા" ના શીર્ષક હેઠળ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી "Happy Youth Day-2021" ની ઉજવણી કરવામાં આવી હતી.જે અંતર્ગત સંસ્થા દ્વારા વિદ્યાર્થી પોતાના ઘરેથી જ ઉજવણી કરી શકે તેવી યુવા માનસ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા દરેક વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે નિબંધ લેખન, વાર્તા લેખન, વકતૃત્વ



સ્પર્ધા, પોસ્ટર પ્રેઝંટેશન, નાટ્ય સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું ડિજિટલ માધ્યમથી આયોજન કરવામાં આવ્યું, સાથે-સાથે વિદ્યાર્થીઓ માટે અત્યાધુનિક પ્લેટફોર્મ કહુટ ઉપર યુવાનોમાં સ્વામી વિવેકાનંદના જીવનની જાણકારી અને પ્રેરણા મળે તે હેતુથી online quiz સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૨૧૯મી પ્રાગટ્ય જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી સ્વામિ નારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૨૧૯મી પ્રાગટ્ય જયંતિ ઉજવાઈ. આ પ્રસંગે પરમ પૂજ્ય આચાર્ય જીતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે જણાવ્યું હતું કે શ્રી સ્વામિ નારાયણ મહામંત્રના જે કોઈ જાપ કરશે, તેનું પાપ માત્ર ધોવાઈ જાય છે, અંતરમાં શાંતિ શાંતિ વર્તાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં આપેલા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જપવાથી શૂળીનું દુઃખ કાંટેથી દૂર થાય છે. શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું મુખ, કંઠ, હૃદય, નાભિમાંથી ભજન કરવા અનુરોધ કર્યો હતો.

આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં વિવેકાનંદ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

કોરોનાકાળનાં સમયમાં સરકારના ગાઈડલાઈન્સ પ્રમાણે તમામ વર્ગખંડો, લોબી, સ્ટાફ, ઓફિસો વગેરેને સેનેટાઈઝડ કરવામાં આવ્યા છે. તેમજ શાળામાં આવતી વિદ્યાર્થીનીઓ તથા કર્મચારીઓગણ હાથને સેનેટાઈઝ કરી સંસ્થામાં પ્રવેશ મેળવવું ફરજિયાત છે. મંડળીનો પણ આદેશ છે. માઈક સિસ્ટમથી સવારની પ્રાર્થના - યાચના બાદ શાળા ખુલ્યાના બીજા દિવસે વંદનીય સ્વામી વિવેકાનંદ તથા માણેકલાલ પટેલને યાદ કરવામાં આવ્યા હતા.

વંદનીય સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ કોઈ તેમનાં જીવનકવન આધારિત શાળાના સુપરવાઈઝર શ્રીમતી કામિનીબેન મહંતે (ઉ.મા. સા. પ્રવાહ) બાળકોને પ્રસંગ આધારીત શીખ આપી હતી. જીવન જીવવાનો ધ્યેય સમજાવ્યો. જયારે શાળાના ગ્રંથપાલ મહેશભાઈ ત્રિવેદીએ સ્મરણીય માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે તેમના સમાજઉપયોગી કાર્યો અને તેમની કાર્ય કરવાની સમાજ ઉપયોગી પદ્ધતિને દેષ્ટાંત દ્વારા બાળકોને અભિમુખ કરાવ્યા હતા. શાળાના આચાર્ય ગીતેષભાઈ પટેલે આ બંને મહાનુભાવોને યાદ કરી સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે નિસર્ગ સેન્ટર દ્વારા પતંગ વિતરણ

મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેકટર-૧૬ ખાતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના દરેક વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ પુરસ્કૃત નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં ઉત્તરાયણ દરમિયાન જન જાગૃતિ કેળવવા કોરોનાના અંગેના સૂત્રો લખેલા પતંગો વિદ્યાર્થી ભાઈબહેનોને આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી, ડૉ.

અનિલભાઈ પટેલ તથા સાયન્સ સેન્ટર કોમ્યુનિકેટર શિવાંગ પટેલ તથા ધવલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઉત્તરાયણ પર્વ નિમિત્તે અકસ્માત ન થાય તે માટે વિવિધ સૂચનો એન કાળજી રાખવા કહ્યું હતું. આ પ્રસંગે શાળાના કો-ઓર્ડિનેટર નટુભાઈ લાડાણી તથા શાળાના આચાર્ય હસમુખભાઈ એન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય અને નટુભાઈ લાડાણીએ કર્યું હતું.

સુપ્રીમની મનાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂત સંગઠનોની તરફથી હાજર વકીલ એલએમ શર્માએ કહ્યુંકે ખેડૂતોએ કહ્યું કે કેટલાંક લોકો વાતચીત માટે આવે છે પરંતુ મુખ્ય વ્યક્તિ વડાપ્રધાન આવતા નથી. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે અમે પીએમને વાતચીત કરવા માટે કહી શકીએ નથી. તે આ કેસમાં પાર્ટી નથી. ચીફ જસ્ટિસે કહ્યુંકે અમને કાયદાની માન્યતાને લઈ ચિંતા છે. સાથો સાથ નાગરિકોના જીવન અને સંપત્તિને લઈ પણ ચિંતા છે. અમે સમસ્યાનું સમાધાન કરવાની કોશિષ કરી રહ્યા છીએ.

હર્ડ ઈમ્યિનીટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેપી હોવાને કારણે રસીકરણનો દર ખૂબ વધારે હોવો જોઈએ. બીજી તરફ, ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર જનરલના સલાહકાર ડો. બ્રુસ એલ્વાડે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય એજન્સીને આશા છે કે વિશ્વના કેટલાક ગરીબ દેશોમાં આ મહિનાના અંતમાં અથવા ફેબ્રુઆરીના અંતમાં કોરોના વાયરસ રસીકરણ શરૂ થઈ શકે છે. તેમણે વિશ્વ સમુદાયને રસી બધા દેશોમાં પહોંચે તે માટે વધુ પ્રયત્નો કરવા જણાવ્યું હતું.

૭ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૭ કેસ નોંધાયા છે. શહેરમાં મોટીવયના લોકો અને મહિલાઓ જે રીતે સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા ૭ દર્દીમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારા દર્દીઓમાંથી ૩ ને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે સંક્રમિત થનારાઓમાં ફેબ્રીકેશનના કામ સાથે સંકળાયેલ વ્યક્તી, માળી તેમજ ફાર્માસીસ્ટનો સમાવેશ થાય છે. આજે સે. ૩૦ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૨, ૨૧, ૨૩, ૨૫ અને ૨૬ માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૮૦ થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૬૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગ્રામવન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીતના ગામોમાં ગ્રામવન બનાવાશે. આ ગ્રામવન અંદાજિત ૫ હેકટર જમીનમાં બનાવાશે જયારે ગ્રામવનમાં લીંબડા, સિરમ, શિશુ , દેશી બાવળ અને ફળાઉ રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે ગ્રામવનના નિર્માણને અનુલક્ષીને હાલ આ ગામોમાં ખાડા ખોદવાની કામગીરી પણ શરૂ કરવામાં આવશે. જયારે ઉતરાયણ બાદ ખાડા ખોદવાની સાથે ગ્રામવનને અનુલક્ષી ફેન્સીંગ પણ કરવામાં આવશે. જયારે આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઓનુ વાવેતર કરવામાં આવશે. શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ નવા રોપઓની વાવણી સાથે હરિયાળા ગ્રામવનનુ નિર્માણ કરવામાં આવશે. ગ્રામવનના નિર્માણથી ગ્રામ્ય વિસ્તારની રોનક નિખરશે. શહેરી વિસ્તાર સહીત ગ્રામ્ય વિસ્તારમાં પણ તબક્કાવાર નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જયારે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી સાથે તેની જાળવણીનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે.

રીટેન્ડરીંગ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેને અનુલક્ષીને તબક્કાવાર રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર સરખેજ માર્ગ ઉપરાંત ગાંધીનગર ઈન્દિરાબ્રિજ માર્ગ પર સ્થિત એપોલો સર્કલ પર પણ ટ્રાફિકનુ પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. જેના લીધે સાંજના સમયે આ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આવા સંજોગોમાં પ્રદુષણની સમસ્યા પણ ઉદભવી છે. જયારે ચક્કાજામની સ્થિતિ વચ્ચે રોજબરોજ વાહનચાલકોએ સમય વેડફવાનો વારો આવ્યો છે. આ સ્થિતિને નિવારવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા સર્વેના અંતે આ રૂટમાં ઓવરબ્રિજ બાંધવા માટે આયોજન કર્યુ હતુ જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ ટેન્ડર પ્રક્રીયાના અંતે ટેન્ડર ૪૩ ટકા ઉંચુ આવતા હવે નવેસરથી રીટેન્ડરીંગ કરવાની નોબત આવી છે. તંત્ર દ્વારા આ કામગીરીને અનુલક્ષી રીટેન્ડરની પ્રક્રીયા હાથ ધરાશે. વચ્ચે ઓવરબ્રિજનુ કામ પણ લાંબા સમયથી ખોરંભે પડ્યુ છે. અલબત્ત કામગીરી પણ શરૂ થઈ શકી નથી.

તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ યુવાનોના પ્રેરણાસ્ત્રોત સમાન સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીના પ્રસંગે સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર ૧૫ ગાંધીનગરના એન. સી. સી યુનિટ અને ૨ ગુજરાત ઈન્ડિપ કંપની દ્વારા ગ- ૨ સ્થિત સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુની સાફ-સફાઈ કરવામાં આવી અને ફૂલહારથી પુષ્પાંજલિ અર્પણ કરી. જેમાં કોલેજના એન.સી.સી યુનિટના આશરે ૨૦ જેટલા કેડેટસએ ભાગ લીધો હતો.આ પ્રસંગે આચાર્ય ડૉ. અમિતકુમાર સુતરીયા એ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

જન્મદિને વધામણી

ઉરેન પટેલ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮

પ્રેમલસિંહ પી ગોલ
ડિરેક્ટર
આકાશ ઇન્ફ્રા પ્રોજેક્ટ લિ.
મો. : ૯૮૨૫૮ ૦૩૫૫૩

દશરથલાલ એમ પરમાર
સહમંત્રી, આરોગ્ય કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
મો. ૯૫૭૪૧ ૨૨૦૨૩

પ્રજ્ઞા ગજ્જર
કોરિયોગ્રાફર
મો. : ૯૯૦૪૨ ૫૧૬૫૧

ભાવેશકુમાર પી ઠાકર
મો. ૯૦૯૯૦ ૧૩૧૮૩

વિધિ કેતનભાઈ પંડ્યા

તૃષા પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક